# સાહિત્ય સંરક્ષણ

— આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી

પૂર્વકાલીન શૃંખલાબદ્ધ ઈતિહાસ જળવાઈ શકે, તેમ પૂર્વપુરુષોની અમૂલ્ય વાણી સંભાળવામાં જૈન સમાજે વાપરેલી દીર્ઘદર્શિતા માટે પૂર્વ અને પશ્ચિમના સાક્ષરો મુક્તકંઠે પ્રશંસા કરી રહ્યા. છે; કેમ કે જૈન સાક્ષરોએ ઇતિહાસ સંરક્ષણની શરૂઆત શીલાલેખ, તામ્રપત્રો અને સંજ્ઞાસૂચક ચિત્રપટોથી સદીઓ પહેલાં કરી અને તે સાથે સાહિત્ય સંરક્ષણ અર્થે તાડપત્રો તથા ભોજપત્રોનો ઉપયોગ શરૂ કરી દીધો અને શોધક દૃષ્ટિએ આગળ વધીને કાપડ (પાટણના સંઘના ભંડારમાં કપડા ઉપર લખેલાં બે પુસ્તકો છે, જેમાંનું એક સંવત ૧૪૧૮માં લખેલું ૨૫ × ૫ ઇંચના કદવાળાં ૯૩ પાનાંનું છે. સામાન્ય ખાદીના કાપટના બે ટુકડાને ચોખાની લાહીથી ચોડી, તેની બંને બાજુએ લાહી ચોપડી અકીકના અગર તેવા કોઈ પણ ઘૂંટાથી ઘૂંટી તેના ઉપર લખવામાં આવેલ છે. આ સિવાય 'ચોપાસાની વિજ્ઞપ્તિ', 'સાંવત્સરિક ક્ષમાપના', 'કર્મગ્રંથનાં યંત્રો', 'અનાનુપૂર્વી' આદિ પણ એકવડાં કપડાં ઉપર લખાયેલાં મળે છે.) તથા જાડા કાગળમાં શાસ્ત્ર ગ્રંથોને હાથે લખાવીને સેંકડો ગામે સાહિત્યનો વિકાસ કર્યો, અને તે સાધનો યાવતચંદ્રદિવાકરૌ જળવાઈ રહે, તે માટે તેને આગ, પાણી કે જીવજંતુ સ્પર્શ ન કરી શકે, તેવી સલામત યોજનાથી ડાબડા તથા ભંડારોમાં સંરક્ષણ આપ્યું. આ વાતની અગમ્ય ભંડારો, ભોંયરાંઓ અને થાંભલાઓમાં છૂપાયેલો ગ્રંથસંગ્રહ અત્યારે પણ ખાતરી આપે છે.

મળેલાં સાધનો ઉપરથી જાણી શકાય છે કે, સૈકાઓ પહેલાંથી સાહિત્ય–લેખન અને સંગ્રહ માટે દરેક ગચ્છના સમર્થ આચાર્યાદિ મુનિવર્ગના ઉપદેશથી કે પોતાના આંતરિક ઉલ્લાસથી અનેક રાજાઓ, મંત્રીઓ તેમ જ ધનાઢય ગૃહસ્થોએ તપશ્ચર્યાના ઉદ્યાપન નિમિત્તે, જિનાગમશ્રવણ નિમિત્તે, પોતાના અથવા પોતાના પરલોકવાસી સ્વજનના કલ્યાણ અર્થે, સાહિત્ય પ્રત્યેની પોતાની અભિરુચિને કારણે અગર તેવા કોઈ પણ શુભ નિમિત્તે નવીન પુસ્તકાદર્શો લખાવીને અથવા પુરાતન જ્ઞાનભંડારો મેળવીને મોટા મોટા જ્ઞાનભંડારોની સ્થાપના કરીને જ્ઞાનનો પ્રચાર કર્યો છે. આ સ્થળે ધ્યાનમાં રહેવું જોઈએ કે, સાધારણમાં સાધારણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યકિતઓએ પણ ઉપરોકત શુભ નિમિત્તોમાંનું કોઈ પણ નિમિત્ત પ્રાપ્ત થતાં મહત્ત્વપૂર્ણ ફાળો આપવામાં પાછી પાની નથી કરી.

પૂજ્યપાદ શ્રીમાન દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે ગ્રંથલેખનનો આરંભ કરાવ્યો ત્યારે અને તે પછી અનેક સમર્થ તેમ જ સાધારણ વ્યકિતઓએ વિશાળ જ્ઞાનંડારોની સ્થાપના કરી છે. એનું સંપૂર્ણ સંશોધન કરવું અશકય છે, પરંતુ ઉપલક નજરે જોતાં સાહિત્યરસિક મહારાજા સિદ્ધરાજ જયસિંહે ત્રણસો લહિયા એકઠા કરી સર્વ દર્શનના ગ્રંથ લખાવી રાજકીય પુસ્તકાલયની સ્થાપના કર્યાનો તથા આચાર્ય શ્રી હેમચંદ્ર કૃત સવા લાખ શ્લોકપ્રમાણ વ્યાકરણ ગ્રંથની સેંકડો પ્રતિઓ લખાવી તેના અભ્યાસીઓને દેશ પરદેશમાં ભેટ મોકલાવ્યાનો ઉલ્લેખ 'પ્રભાવકચરિત્ર' તથા 'કુમારપાલપ્રબંધ'માં છે. મહારાજા કુમારપાળને માટે પણ કુમારપાલપ્રબંધાદિમાં એકવીશ જ્ઞાનભંડાર સ્થાપ્યાનો તથા પોતાના રાજકીય પુસ્તકાલય માટે જૈન આગમ ગ્રંથો અને આચાર્ય શ્રી હેમચંદ્ર વિરચિત 'યોગશાસ્ત્ર,' 'વીતરાગસ્તવ'ની હાથપોથી સ્વર્ણાક્ષરે લખાવ્યાની નોંધ છે.

મંત્રીઓમાં જ્ઞાનભંડાર લખાવનાર મહામાત્ય વસ્તુપાલ–તેજપાલે નાગેંદ્રગચ્છીય આચાર્ય વિજયસેન તથા ઉદયપ્રભસૂરિના ઉપદેશથી જ્ઞાનભંડારો લખાવ્યાની નોંધ જિનહર્ષગણિકૃત 'વસ્તુપાલચરિત્ર', 'ઉપદેશ તરંગિણી' આદિમાં નજરે પડે છે. તેમ જ માંડવગઢના મંત્રી પેથડ શાહ તપગચ્છીય આચાર્ય ધર્મઘોષસૂરિ પાસે આગમ શ્રવણ કરતાં 'ભગવતીસૂત્ર'માં આવતા 'વીરગૌતમ' નામની સોનાનાણાથી પૂજા કરી, તે એકઠા થયેલા દ્રવ્યથી પુસ્તકો લખાવી ભરુચ આદિ સાત સ્થાનોમાં ભંડાર સ્થાપ્યા હતા. આ ઉપરાંત ગૃહસ્થોમાં, ખરતરગચ્છીય આચાર્ય જિનભદ્રના આદેશથી ધરણા શાહે, મહોપાધ્યાય શ્રી મહીસમુદ્રગણિના ઉપદેશથી નંદુરબારનિવાસી સં. ભીમનાં પૌત્ર કાલુએ, આગમગચ્છીય શ્રી સત્યસૂરિ, જયાનંદસૂરિ અને વિવેકરત્નસૂરિના ઉપદેશથી પેથડ શાહ, મંડલીક તથા પર્વતકાન્હાએ નવીન ગ્રંથો લખાવી જ્ઞાનભંડારો સ્થાપ્યા હતા. આજ સુધીમાં આવા સેંકડો જ્ઞાનભંડારો ઊભા થયા અને કાળની કુટિલતાને બળે, રાજ્યની ઊથલપાથલને લીધે કે જૈન સમાજની અજ્ઞાનતાને લીધે તેમાંના ઘણા શીર્ણ–વિશીર્ણ થઈ ગયા અને ઘણા માલિકીના મોહમાં કે અજ્ઞાનતાથી ઉધઈના મુખમાં અદૃશ્ય થયા કે જીર્ણ દશાને પામ્યા. આ ઉપરાંત પાણીથી ભીંજાઈને ચોટી જવાથી અથવા તો બગડી જવાને કારણે, ઉંદર આદિએ કરડી ખાધેલ હોવાને લીધે, ઊથલ પાથલના સમયમાં એકબીજા પુસ્તકોનાં પાનાંઓથી ખીચડારૂપ થઈ અવ્યવસ્થિત થવાને કારણે અગર તેવા અન્ય કોઈ પણ કારણે વહેતી નદીઓમાં, દરિયામાં અથવા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૂના કૂવાઓમાં પધરાવીને સેંકડો ગ્રંથો ગુમાવી દેવાયા, તેની તો બહુ થોડાઓને જ ખબર હશે. આવા જ ફેંકી દેવાને તૈયાર કરાયેલા અનેક સ્થળના કચરારૂપ મનાતાં પાનાંઓના સંગ્રહમાંથી વિજ્ઞ મુનિવર્ગે કેટલાયે અશ્રુતપૂર્વ, અલભ્ય તેમ જ મહત્ત્વના સેંકડો ગ્રંથો શોધી કાઢયા છે, એ વાત જો ધ્યાનમાં રહે તો એવા નષ્ટ થતા અનેક કિંમતી ગ્રંથો હજી પણ મળી શકે.

જેમ જૈન સંઘે મોગલોની ચડાઈના જમાનામાં પ્રતિમાઓના રક્ષણ માટે મંદિરની અંદર ગુપ્ત અગમ્ય માર્ગવાળાં તેમ જ અકલ્પ્ય ઊંડાઇવાળાં ભૂમિગૃહો–ભોંયરાની સંકલના વિચારી હતી, તેમ જ્ઞાનભંડારોની રક્ષા માટે જેસલમેરનો કિલ્લો જોવાથી ત્યાંના ભંડારને કેવી રીતે સુરક્ષિત રાખવમાં આવતા હતા તે સમજાશે. આચાર્ય સિદ્ધસેન માટે એમ સાંભળવામાં આવે છે કે, તેમણે ગુપ્ત સ્તંભને ઔષધિ વડે ઉઘાડી તેમાંથી મંત્રામ્નાયનાં કેટલાંક ઉપયોગી પુસ્તકો બહાર કાઢયાં અને સ્તંભ અચાનક જમીનમાં ઊતરી ગયો. આવાં (તિલસ્માતી) ગુપ્ત સ્તંભો કે મકાનોમાં કેટલુંય મંત્ર સાહિત્ય સદાને માટે અદૃશ્ય પડયું હશે, તે કલ્પના બહાર રહે છે.

પ્રાચીન સાહિત્યને આ રીતે પ્રકાશિત કરીને તેના સંરક્ષણ માટે પુસ્તકો મૂકવાની પેટી, મંજૂસ કે કબાટ આદિ જમીનથી અદ્ધર રાખવાનો રિવાજ છે કે જેથી ધૂળ, ઉધઇ કે ઉંદર ઉપદ્રવ કરી શકે નહિ. તેમ જ શરદી લાગતાં તે ચોટી ન જાય. તે માટે ગ્રંથ ભંડારનું સ્થાન ભેજરહિત તેમ જ ચોમાસાનું પાણી ન ઊતરે તેવું પસંદ કરવામાં તથા દરેક ગ્રંથને મજબૂત રીતે બાંધીને રાખવામાં આવે છે.

* * *

## પારસનાથ પ્યારા એં

— કવિ 'તેજ'

પારસનાથ પ્યારા એં, નિરંજન નાથ ન્યારાએં.
પલપલ ધ્યાન ધરીઆં, આંજો પગપગ નામ સમરીઆં;
મુંજી રગરગમેં રંગાણું એં, પારસનાથ પ્યારા એં. ૧
આંજા ડેરા મુજ અંધરમેં, આંજા આસન મન મંધરમેં;
ભવોભવજા સહારા એં, પારસનાથ પ્યારા એં. ૨
'તેજ' ચે અરજ હિકડી કરીઆં, ભટકાં ભવસાગરકે ભરીઆં
થીજા મુંજા કિનારા એં, પારસનાથ પ્યારા એં. ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org